જન્મદિને વધામણી

બળદેવભાઈ કેશવલાલ સુથાર
શ્રેષ્ઠ શિક્ષક, રાજ્ય-રાષ્ટ્ર
મો. ૯૮૯૮૫ ૮૭૩૪૦

કુશાંગ જે શાહ
મો. ૮૭૮૦૩ ૩૦૮૭૪

વિશ્વરાજસિંહ ઘનશ્યામસિંહ ચાવડા
મો. ૭૬૯૮૬ ૫૦૦૧૨

૨૦૧૮માં કોરીયામાં યોજાનારી તાલીમ અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધા માટે દિયાની પસંદગી

ગાંધીનગર, તા. ૪

ચોથા ધોરણમાં ભણતી લીટલ વંડર તરીકે ઓળખાવી શકાય તેવી અમદાવાદની દિયા જિગ્નેશ પટેલે તાજેતરમાં પુણેના ખરાડીગાંગ ખાતે યોજાયેલી બીજી ઓપન નેશનલ ટેકવાન્ડો ચેમ્પિયનશીપમાં ૨૮થી ૩૨ કિ.ગ્રા. વજન વર્ગમાં ગોલ્ડ મેડલ જીતી લઈને, સન ૨૦૧૮ના વર્ષની વિજયી શરૂઆત કરીને ગુજરાતને ગૌરવ અપાવ્યું છે. આ સ્પર્ધામાં દિયાએ સાઉથ કોરીયાના ઓલિમ્પિયન જીહોન્ગ લીના હસ્તે બેસ્ટ ફાઈટર અને બાલકૃષ્ણ ભંડારીના હસ્તે બેસ્ટ ઈન્ટરનેશનલ ફાઈટરના એવોર્ડ મુકૂટમાં મોરપીચ્છ તરીકે મેળવ્યા છે. ખાસ વાત એ છે કે ઓછા વજનના આ ગ્રુપમાં સ્પર્ધક બનવા માટે દિયાએ ભારે જહેમત ઉઠાવીને આઠ કિલોગ્રામ વજન ઘટાડ્યુ હતું. ૨૦૧૮માં સાઉથ કોરીયામાં યોજાનારી તાલીમ અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધા માટે દિયાની પસંદગી કરવામાં આવી છે.

દિયાએ સન ૨૦૧૭ના વર્ષમાં રમતવીર તરીકે ઝળહળતી સિધ્ધિઓ મેળવી હતી. તેણે ઉપ-૩૮ કિ.ગ્રા. વજન ગ્રુપમાં ઓપન ગુજરાત સ્ટેટ ટેકવાન્ડો ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ અને મથુરામાં યોજાયેલી નોર્થ ઈન્ડિયા નેશનલ ટેકવાન્ડો ચેમ્પિયનશીપમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતા બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ ઉપરાંત જયપુરમાં યોજાયેલી દ્વિતીય ઈન્ડિયા ઓપન ઈન્ટરનેશનલ ટેકવાન્ડો ચેમ્પિયનશીપમાં તેણે ચંદ્રક મેળવ્યો હતો. ગુજરાત માટે મેડલ જીતનારી એકમાત્ર છોકરી દિયા હતી. દિયા વાયુદળમાં પાઈલોટ બનવાની મહત્વાકાંક્ષા ધરાવે છે અને અત્યારથી જ સભાનપણે તેના માટે જરૂરી જાણકારીઓ તે મેળવી રહી છે. ચાંદખેડાની એચ.બી.કાપડીયા સ્કૂલની આ વિદ્યાર્થિનીએ એક હિન્દી ચલચિત્ર ફીર ઈસી મોડમાં બાળ કલાકાર તરીકે કામ કર્યું છે અને બીજી ફિલ્મ માટે તાજેતરમાં તેની પસંદગી થઈ છે. પિતા જિગ્નેશ પટેલ અને માતા કીંજલ પટેલનું સંપૂર્ણ પીઠબળ અને પ્રોત્સાહન તેની પ્રેરણાનો સ્ત્રોત છે અને જાગૃત માતાપિતાની છત્રછાયામાં રમતવીર સહિત તેની બહુમખી પ્રતિભા વિકસી રહી છે.

ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા દ્વારા વિદ્યાર્થીઓને આપત્તિ વ્યવસ્થાપનની તાલીમ

ગાંધીનગર, તા. ૪

રાષ્ટ્રીય સેવા યોજના એકમ શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ સાદરા દ્વારા આપત્તિ વ્યવસ્થાપનની બેઝિક તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું જેમાં મુક્ત જીવન ડિઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ રેસ્ક્યુ ટ્રેનિંગ અકાદમી દ્વારા વિદ્યાર્થીઓને તાલીમ અપાઈ ઉદ્ઘાટન પ્રસંગે ડીન પ્રો. પ્રભુલાલ કાસુન્દ્રાએ વિદ્યાર્થીઓને સરસ કામ માટે પ્રેરણા અને અભિનંદન આપ્યું હતું આ અવસરે મુક્ત જીવન ડિઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ રેસ્ક્યુ ટ્રેનિંગ અકાદમીના હિતેશ ભાઈ પટેલે આ તાલીમના વિદ્યાર્થીઓના જાહેર જીવનમાં કેટલું ઉપયોગ છે તે જણાવ્યું હતું. તાલીમમાં ૩૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. રાષ્ટ્રીય સેવા યોજના એકમ શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ સાદરાના બધાજ સ્વયં સેવકોએ આ પ્રકારની તાલીમ લેતા હોય છે અને તાલીમ લેનાર રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયં સેવકો ભૂતકાળમાં નેપાળ ભૂકંપ રાહત કામગીરી, સુરત પૂર રાહત કામગીરી, અમરેલી પૂર રાહત કામગીરી, બનાસકાંઠા પૂર રાહત કામગીરી અને ગુજરાત ભૂકંપ રાહત કામગીરી કરી ચુક્યા છે. નેપાળ ભૂકંપ રાહત કામગીરી બદલ તેમને રાષ્ટ્રપતિ એવાર્ડ પણ મળી ચુક્યો છે.

વિદ્યાર્થીઓને મોબાઈલના વ્યસનથી મુક્ત કરવા ઈન્ટરકોલેજ સ્પર્ધા યોજાઈ

ભાટ ખાતે સ્વામિનારાયણ કોલેજમાં ૩૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો : ક્રિકેટ, વન-મિનિટ ગેમ, ટ્રેઝર હન્ટ, મ્યુઝિક ફર્સ્ટ, ખો-ખો જેવી શારીરિક કસરતોની રમતો યોજાઈ

ગાંધીનગર, તા. ૪

ભાટ ખાતે આવેલ શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીમાં અમદાવાદ-ગાંધીનગર શહેરની બી.સી.એ. કોલેજોની ઈન્ટરકોલેજ સ્પર્ધા 'સ્પોર્ટસ ફેસ્ટિવલ ૨૦૧૮'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઈન્ટરકોલેજ સ્પર્ધામાં શહેરની ૧૦ થી વધુ કોલેજના ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ક્રિકેટ, વન-મિનિટ ગેમ, ટ્રેઝર હન્ટ, મ્યુઝિક ફર્સ્ટ, ખો-ખો જેવી શારીરિક કસરતોની રમતો યોજાઈ હતી. આ સ્પર્ધાનો મુખ્ય હેતુ કોલેજના વિદ્યાર્થીઓ મોબાઈલના વ્યસનમાંથી બહાર નીકળી શારીરિક કૌશલ્ય વધારે તેવો હતો. આ ઉપરાંત, શારીરિક કસરતોવાળી રમતોથી વિદ્યાર્થીઓમાં વિકાસને વેગ મળે, ખેલ ઈન્ડિયા તથા ખેલકુંભ ગુજરાત જેવા આયોજનો સાર્થક થાય, ભારતને આંતરરાષ્ટ્રીય સ્તરે રમી શકે તેવા ખેલાડીઓ મળે તે માટે ઈન્ટર કોલેજ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ સ્પર્ધાના અંતે સૌ વિજેતા ખેલાડીઓને કોલેજના ડાયરેટર ધર્મેશ વંડેરા દ્વારા ઈનામ અને મેડલ આપવામાં આવ્યા હતા.

આઈઆઈટી ગાંધીનગર ખાતે નોન-આઈઆઈટી અધ્યાપકોને તાલીમ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના પાલજ સ્થિત આઈઆઈટી ખાતે તેના ટેકનિકલ એજ્યુકેશન ક્વોલિટી ઈમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત નોન-આઈઆઈટી શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને સતત તાલીમ પુરી પાડવામાં આવે છે. આ તાલીમ અંતર્ગત પ્રારંભ કરાયેલ ફેકલ્ટી ઈન્ડક્શન પ્રોગ્રામ હેઠળ સરકારી એન્જિનીયરીંગ કોલેજોના અધ્યાપકોને તાલીમ આપવાનો પ્રારંભ કરાયો છે. તા. ૨૯મી જાન્યુઆરીથી પ્રારંભ કરાયેલ પ્રથમ તાલીમ પ્રોગ્રામમાં આશરે ૧૦૦ જેટલા આસીસ્ટન્ટ પ્રોફેસર્સનો સમાવેશ કરાયો છે અને લગભગ એટલા જ વધુ આસીસ્ટન્ટ પ્રોફેસર્સ તા. ૫મી ફેબ્રુઆરીથી પ્રારંભ થનાર તાલીમ પ્રોગ્રામમાં સામેલ થશે.

રાણાને કરાટે એસોસીએશન ઓફ ઈન્ડિયા દ્વારા

અરવિંદ રાણાને બ્લેક બેલ્ટ સેવન્થ દાનની પદવી

ગાંધીનગર, તા. ૪

ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે-ડો એસોસીએશનનાં વાઈસ ચેરમેન અને વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતનાં ટેક્નિકલ ડાયરેક્ટર શિહાન શ્રી અરવિંદભાઈ રાણાને તાજેતરમાં બ્લેક બેલ્ટ સેવન્થ દાન અર્થાત બ્લેક બેલ્ટમાં સાતમી ડીગ્રી એનાયત કરવામાં આવી. નવી દિલ્હીનાં તાલકટોરા સ્ટેડીયમ ખાતે યોજાયેલ નેશનલ કરાટે ચેમ્પિયનશીપ દરમ્યાન તેમને આ ડીગ્રી એનાયત કરવામાં આવી હતી. વાડોકાઈ કરાટે શૈલીમાં તેઓ બ્લેક બેલ્ટ સેવન્થ દાન ધરાવે જ છે, આ વખતે તેમને ભારત સરકારનાં મીનીસ્ટ્રી ઓફ યુથ અફેર્સ અને સ્પોર્ટ્સ તથા ઈન્ડિયન ઓલમ્પિક એસોસીએશન દ્વારા માન્યતાપ્રાપ્ત રાષ્ટ્રીય કક્ષાના કરાટે એસોસીએશન એવા કરાટે એસોસીએશન ઓફ ઈન્ડિયા દ્વારા તેમને આ ડીગ્રી આપી તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું.

કરાટે એસોસીએશન ઓફ ઈન્ડિયાનાં જનરલ સેક્રેટરી શ્રી ભરત શર્માનાં વરદ હસ્તે અને ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે-ડો એસોસીએશનનાં ચેરમેન શ્રી રાજેષ અગ્રવાલની ઉપસ્થિતિમાં તેમને આ ડીગ્રી એનાયત કરવામાં આવી હતી. ગુજરાતમાં આ પ્રકારની કરાટેમાં માન્યતાપ્રાપ્ત સંસ્થાની ઉચ્ચ ડીગ્રી ધરાવતા બહુ ઓછા વ્યક્તિઓ છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે આટલી ઉચ્ચ પદવી ધરાવતા ગાંધીનગરનાં પ્રથમ વ્યક્તિ શ્રી અરવિંદભાઈ રાણાનાં માર્ગદર્શનમાં ગુજરાતમાં ૧૧ જિલ્લાઓમાં ૩૭ હજારથી વધુ બાળકો શાળાઓમાં કરાટેનો નિયમિત અભ્યાસ કરી રહ્યાં છે. આ ઉપરાંત તેઓ નોર્થ ઈસ્ટનાં રાજ્યોમાં પણ વાડોકાઈની ટીમને માર્ગદર્શન આપવા અને તેમને એડવાન્સ્ડ ટ્રેઈનીંગ આપવા તાજેતરમાં જ આસામ અને અરૂણાચલ રાજ્યનો પ્રવાસ કરી આવ્યા છે. તેમણે તાજેતરમાં જ શ્રીલંકા ખાતે યોજાયેલી આંતરરાષ્ટ્રીય કરાટે ચેમ્પિયનશીપમાં પણ આયોજન સમિતિનાં ચેરમેન તરીકે સેવાઓ પ્રદાન કરી સ્પર્ધાને સફળતાપૂર્વક સંપન્ન કરાવવામાં પોતાનું મહત્વનું યોગદાન આપ્યું હતું.

લીંબોદરામાં જય પ્રસન્ન ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના નવા અદ્યતન સંકુલનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૪

લીંબોદરા ગામની શ્રી પીપીઆર શાહ હાઈસ્કૂલ તથા ગામની તમામ પ્રાથમિક શાળાઓના સંયુક્ત ઉપક્રમે પ્રજાસત્તાક દિવસની ઉજવણીનો કાર્યક્રમ તથા જય પ્રસન્ન ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના નવા અદ્યતન સંકુલની અર્પણવિધિનો કાર્યક્રમ આચાર્ય પ્રસન્નકીર્તિસાગર સુરીશ્વરજી તથા ભવ્યકીર્તિસાગરજીની નિશ્રામાં મુંબઈના અગ્રણી ઉદ્યોગપતિ પરમાનંદભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં લીંબોદરા ગામના મુંબઈ તથા અમદાવાદમાં વસતા જૈન બંધુઓ તથા લીંબોદરા સેવા સમાજના ટ્રસ્ટીઓ, મુખ્ય મહેમાન તરીકે મૂળજીભાઈ ચૌધરી (યુએસએ) તથા અતિથિ વિશેષ તરીકે ઉષાબેન ખારાવાલા ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

સ્વાગત પ્રવચન તથા લીંબોદરા સેવા સમાજની પ્રવૃત્તિઓથી શાળાના આચાર્ય તેજસિંહ પરમારે સૌને માહિતગાર કર્યા હતા. સાથે-સાથે શાળાનાં બાળકો દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ પણ કરવામાં આવી હતી. ગ્રામજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમ હેતુ લીંબોદરા સેવા સમાજના પ્રમુખ નરેશભાઈ શાહ અને ટ્રસ્ટીઓએ ભારે જહેમત ઊઠાવી હતી.

'અભીપ્સા' : આધ્યાત્મિક અનુભૂતિઓની આ અભિવ્યક્તિ



આધ્યાત્મિક સંસ્કારોથી જેમનામાં દિવ્યજીવનની તૃષા, અભીપ્સા જાગૃત થઈ છે તેવા કવિ સંકુલ જીવનાનુભવ થકી ઉત્તરોત્તર શ્રી અરવિંદ અને શ્રી માતાજીનાં જીવન દર્શન તેમજ જીવન સાધના પ્રત્યે આકર્ષાયા અને કવિશ્રી ઉમાશંકર જોષીના કાવ્ય 'શોધ'ના કાવ્ય નાયકની 'એક કેન્દ્ર' થવાની મથામણની જેમ પોતાના વ્યક્તિત્વના સર્જનનું જ નહીં, પણ સાથે સાથે સમગ્રના સમર્પણનું કેન્દ્ર જેને પ્રાપ્ત થયું ત્યારે દિવ્ય જીવન જીવવાની તીવ્ર અભીપ્સા સાથે સમગ્ર સૂક્ષ્મ-આંતરિક પ્રક્રિયા દરમિયાન જે રચનાઓનું સર્જન થયું તેને માતૃઋણ રૂપે પુસ્તકરૂપે પ્રગટ કરી છે. જે કવિતામાં ગહન ચિંતન અને અભિવ્યક્તિમાં લાઘન તેમ હૃદયની ભાવભક્તિ અને શ્રદ્ધા ભળેલી છે તેથી તે અંગત હોવા છતાં ઉર્ધ્વપંથે જનારા સાધકોને માટે માર્ગદર્શક બની રહે તેવી હોઈ તેના વિશે લખવા પ્રેરાયો છું.

'અભીપ્સા' પ્રા. ડૉ. દીપક પંડ્યાનો પ્રથમ કાવ્યસંગ્રહ છે. તેમાં એકાવન અછાંદન કવિતાઓ છે. આધ્યાત્મિક અનુભૂતિઓની આ અભિવ્યક્તિ એક રીતે જોતાં એક સાધની આંતરસાધનાની યાત્રા છે. શ્રી અરવિંદ અને શ્રી માતાજીના પરમ ભક્ત આદરણીય શ્રી જ્યોતિબેન થાનકી ભૂમિકારૂપ તેમની પ્રસ્તાવનામાં યોગ્ય રીતે જ કહે છે કે 'તીવ્રતમ અભીપ્સાના તંતુથી જોડાયેલી અને સાધના પથને વર્ણવતા આ સંગ્રહમાં આપેલી એકાવન કવિતાઓ અલગ દેખાતી હોવા છતાં તેમાં સળંગ સૂત્રતા જોવા મળે છે. કવિતાના વિષયવસ્તુનું હાર્દ તો કવિતાનો નાયક ધરાધમનો નિવાસી, અનંત પામવા માટે અંતરતમ પ્રકાશને સહારે ઉર્ધ્વયાત્રાએ નીકળી પડે છે, એ જ છે. પરંતુ આ યાત્રાપથમાં તેને થતા ગૂઢ અનુભવોનું આલેખન આ કવિતાઓમાં થયું છે, જે કવિની આંતર ચેતનાનું પ્રતિબિંબ પાડે છે. કવિ પોતે સાધક છે. શ્રી અરવિંદ યોગ દર્શનના ઊંડા અભ્યાસુ છે, તેથી આ રચનાઓમાં પણ શ્રી અરવિંદના મહાગ્રંથ સાવિત્રીનો વિશેષ પ્રભાવ જોવા મળે છે. શ્રી દીપક પંડ્યા ગુજરાતી ભાષાના અધ્યાપક છે, તેમને અનેક મૂર્ધન્ય સાહિત્યકારોનું સાંનિધ્ય સાંપડ્યું છે. ગુજરાતી સાહિત્ય પ્રત્યેનો તેમનો ઊંડો લગાવ છે. તેથી આ કવિતાઓ ગહન આધ્યાત્મિક ચિંતન રજૂ કરતી હોવા છતાં કલિસ્ટ બની નથી.

'અભીપ્સા' કાવ્ય સંગ્રહના કવિ દીપક પંડ્યા, સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ગાંધીનગરમાં અધ્યાપક તરીકે કાર્યરત છે. તેમનાં અન્ય સાત જેટલાં પુસ્તકો પ્રગટ થયેલાં છે. શ્રી અરવિંદ અને શ્રી માતાજીના ચાહકો અને સાધકો માટે નજરાણાં રૂપ આ કાવ્યસંગ્રહ આપવા બદલ તેઓને ખૂબ ખૂબ અભિનંદન સહ આવકારું છું.

- નટવર હેડાઉ

પ્રિય કવિતા,
મારા જીવનમાંથી
દરેકે દરેક અસુંદર તત્ત્વો નષ્ટ થાય,
મારી ચેતનામાંથી
સંઘર્ષ અને દ્વંદ્વો વિલીન થાય,
અશુદ્ધિઓની જગ્યાએ
તારી પવિત્ર શક્તિની શૂચિતા,
સંવાદિતા અને આનંદિતા સ્થિર થાય,
પરમ સૌન્દર્ય, માધુર્ય અને ઓજસ્
મારા પ્રત્યેક કોષમાં સ્થાયી બને.
તારી દિવ્યવાણીનું,
હું સમર્થ માધ્યમ બનું.
હે પ્રિયા, તું મારામાં અવતરીશને ?

('અભીપ્સા'માંથી)